# જિસકા સાથી હૈ ભગવાન



**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

માનવને જ્યારે ચોમેરથી સંસારની કટુતાનો અનુભવ થાય છે, વય વધવાની સાથે આત્મકલ્યાણની જાગૃતિ આવે છે, સર્વ દુન્યવી સુખો અસાર ભાસે છે ત્યારે તે પરમાત્માનું શરણ શોધે છે. જ્યારે પ્રભુપ્રેમી આત્માઓ તો સાહજિક રીતે પરમાત્મા સાથે બુદ્ધિનાં તારથી જોડાયેલા હોય છે. માનવના અંતઃકરણમાં જ્યારે પરમાત્મા પ્રાપ્તિની તીવ્ર લગન જાગે છે ત્યારે તે પરમાત્મા પ્રાપ્તિનો પુરુષાર્થ આરંભે છે. તે ભિન્ન ભિન્ન ધર્મો, મઠ, પંથ, સંપ્રદાય દ્વારા પરમાત્માને ઓળખવાનો પુરૂષાર્થ કરે છે. તે વ્રત, જપ, ઉપવાસ, સરિતા સ્નાન, તીર્થાટન, ભજનકીર્તન, નવધામભક્તિ, કર્મકાંડો આદિ દ્વારા પરમાત્માને પામવાને પુરૂષાર્થ કરે છે.

સંસાર એટલે સમાજવ્યવસ્થામાં બંધાયેલા માનવોનો સમૂહ. ભિન્ન ભિન્ન સંબંધોના તાણાવાણામાં ગૂંથાઈને માનવ આ સંસારમાં પોતાનું જીવન જીવે છે. સંબંધોની સફળતાનો આધાર ગહનપ્રેમ, વફાદારી અને ત્યાગ પર નિર્ભર છે. જ્યાં સુધી સંબંધોમાં આ પ્રકારની ગુણવત્તા જળવઈ રહે છે ત્યાં સુધી સંબંધોમાં સંવાદિતા જળવાઈ રહે છે પણ જ્યારે છળકપટ, વિશ્વાસઘાત, બેવફાઈ, સ્વાર્થ, અસંતોષ અને અપેક્ષાઓનું પરિણામ વધે છે ત્યારે ગમે તેટલા જૂના સંબંધોમાં પણ અચૂક તિરાડ પડે છે. એમ કહેવાય છે કે જ્યારે ભક્તની, યોગીની પરમાત્મા પ્રત્યેની શુદ્ધ, તીવ્ર લગનની જાણ પરમાત્માને થાય છે ત્યારે પરમાત્મા સ્વયં તેને પોતાનો યથાર્થ પરિચય આપી પોતાના સાનિધ્યનો અનુભવ કરાવે છે.

પરમાત્માનો જ્યારે યથાર્થ પરિચય પ્રાપ્ત થાય છે ત્યારે સર્વપ્રકારની રઝળપાટનો અંત આવે છે. સ્વનો, પરમાત્માનો, સૃષ્ટિચક્રનો વાસ્તવિક પરિચય થતાં સાધનાનો માર્ગ સરળ બની જાય છે. આત્માનુભૂતિ પછીનો તબક્કો છે પરમાત્મા સાથેના અનુસંધાનનો. પરમાત્મા સાથે સર્વ સંબંધો સ્થાપીને સર્વ સંબંધોની અનુભૂતિ કરવી તે સાધનાનો ઉદ્દેશ છે. જ્યારે સાધકને પરમાત્મા પ્રત્યે સાચી શ્રદ્ધા પ્રગટે છે ત્યારે તે જીવનની ધન્યતાનો અનુભવ કરે છે. નજીવા અપવાદોને બાદ કરતાં સંસારમાં મહદઅંશે સંબંધોમાં સ્વાર્થ અને અપેક્ષાવૃતિ વિશેષ જોવા મળે છે. ત્યારે માત્ર પરમાત્મા સાથેનો સંબંધ જ એવો છે કે જે નિષ્કામ, નિઃસ્વાર્થ છે. પરમાત્માને માનવ આત્માઓ પાસેથી કંઈજ અપેક્ષા નથી. જે શુદ્ધ અપેક્ષા છે તે માનવ કલ્યાણની છે. માનવ સર્વગુણ સંપન્ત બને, દેવત્વ પ્રાપ્ત કરે, સતોપ્રધાન બને, સર્વ માટે હિતકારી કલ્યાણકારી બને એજ પરમાત્માની માનવ આત્માઓ પ્રત્યે અપેક્ષા હોય છે. પરમાત્માને સ્વયં માટે કંઈ જ જોઈતું નથી. તેથી જ માનવો પરમાત્માને યાદ કરે છે, પરમાત્માને ઉચ્ચ આસને પ્રસ્થાપિત કરે છે. શ્રદ્ધા એટલે પરમાત્મા જે છે, જેવા છે, જે કાર્ય કરે છે તેને યથાર્થરૂપે જાણવા. અંગ્રેજીમાં કહ્યું છે કે Faith in god સાધક જ્યારે પરમાત્મામાં શ્રદ્ધા રાખે છે ત્યારે તે નિશ્ચિંત, નિર્ભય બની જાય છે. પરમાત્મશ્રદ્ધા સાધકને વિરાટ શકિતઓની અનુભૂતિ કરાવે છે. માનવને જ્યારે એક પ્રધાન યાં કોઈ વિશિષ્ટ પ્રતિભા સાથે નિકટનો સંબંધ હોય છે ત્યારે તેને કેટલી ખુશી થાય છે! તો જ્યારે સર્વઆત્માઓના પિતા, સર્વશકિતમાન, અવિનાશી, પરલૌકિક પિતા જ પોતાના બની જાય છે ત્યારે આત્મામાં કેટલો આત્મવિશ્વાસ પ્રગટે છે! તે પોતાને કેટલો ભરપૂર સમજે છે. તેને કોઈપણ પ્રકારના અભાવનું દુઃખ થતું નથી. ભક્તિમાર્ગમાં પરમાત્મ શ્રદ્ધાનાં અનેક દષ્ટાંતો જોવા મળે છે. નરસિંહ, મીરા, શબરી, પ્રહલાદ, ધ્રુવ જેવાં અનેક દષ્ટાંતો આપણી નજર સમક્ષ તરવરે છે. માટે જ કહેવાયું છે કે 'જિસકા સાથી હૈ ભગવાન, ઉસે ક્યા રોકેગા આંધી ઔર તૂફાન' 'જેને રામ રાખે રે એને કોણ મારી શકે?' 'જાકૈ રાખૈ સાઈયાં માર સકૈ ના કોઈ, બાલ ન બાંકા કર સકૈ, જો જગી વૈરી હોય.' આની સાથે અનેક ચમત્કારિક ઘટનાઓનાં વર્ણનો પણ સાંભળવા મળે છે. રાજયોગી સાધક એટલે પરમાત્મા પ્રત્યે શુદ્ધ, પવિત્ર નિષ્કામ પ્રેમ પ્રગટ કરનાર ઈશ્વરીય સંતાન. પરમાત્મ શ્રદ્ધા એટલે પરમાત્મા સાથેનો શુદ્ધ સંબંધ. તેમાં કોઈ સ્વાર્થ અપેક્ષા કે માગણી ન હોય. આત્માનો નાતો અવિનારી પારલૌકિક પિતા સાથે નૈસર્ગિક છે. તેથી તે ભાવે ઈશ્વરીય યાદ એના જીવનનું એક આવશ્યક અંગ બની જાય છે. પરમાત્મ શ્રદ્ધા સાધકને નમ્ર, વિવેકી, નિર્ભય, નિર્વૈર, સંપન્ન સ્થિતિનો અનુભવ કરાવે છે. તેનામાં સાક્ષી દૃષ્ટા અને ઉપરામ ભાવ પ્રગટે છે. પરમાત્માનું કાર્ય એ મારું કાર્ય છે એવી ભાવના તીવ્ર બને છે. તેથી તેનાં સમય, સંકલ્પ, શ્વાસ, સંબંધો અને સર્વશક્તિઓ શ્રીમત અનુસાર વિશ્વકલ્યાણના કાર્યમાં જ ખર્ચાય છે. જેને પરમાત્મ શ્રદ્ધા છે તે જ અન્ય આત્માઓનો પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કરાવી શકે છે. અન્ય આત્માઓના જીવન પરિવર્તન માટે તે નિમિત્ત બને છે. માટે આચરણથી ચડિયાતો કોઈ ઉપદેશ નથી. તેનું દિવ્યગુણ સંપન્ત જીવન જ પરમાત્મા પ્રત્યક્ષતાનો આધાર બને છે. જીવન સમરાંગણ છે. તેથી જીવનમાં તન, મન, ધન, જન આદિ તરફથી પરીક્ષાઓ આવતી હોય છે. ભિન્ન ભિન્ન સમસ્યાઓ અને સંઘર્ષો આવવા છતાં શ્રદ્ધા ડગવી ન જોઈએ. યોગીએ એક પરમાત્માના બળ અને ભરોસા ઉપર ટકીને યોગીજીવનને અનુરૂપ આચાર સંહિતાનું પાલન કરીને સતત પુરૂષાર્થ કરવો જોઈએ. પરમાત્માએ આપણને પરમપિતા કરવાનું કહ્યું છે. તેથી અન્ય કોઈ પણ આત્માને ન જોતાં પરમાત્મને કેન્દ્રસ્થાને રાખીને જ્ઞાન, યોગ, ધારણા અને સેવામાં ગહન પુરુષાર્થ કરવો એ પરમાત્મ શ્રદ્ધાની ફળશ્રુતિ છે.

> **જ્યારે ભક્તની, યોગીની પરમાત્મા પ્રત્યેની શુદ્ધ, તીવ્ર લગનની જાણ પરમાત્માને થાય છે ત્યારે પરમાત્મા સ્વયં તેને પોતાનો યથાર્થ પરિચય આપી પોતાના સાનિધ્યનો અનુભવ કરાવે છે**

---

# ક્રોધની વિનાશકતા



**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

કામરૂપી નરકના દ્વારથી ચેતવીને હવે ભગવાન કૃષ્ણ ક્રોધની વિનાશકતા ઉજાગર કરી રહ્યા છે.

ધીરેનભાઈ મોબાઈલમાં વાત કરતા કરતા રસ્તો પાર કરી રહ્યા હતા. કેળાની છાલ પર પગ પડયો અને તે લપસી પડયા અને બબડ્યા, ઓ બાપ રે.....મરી ગયો અને એણે ક્રોધના આવેગમાં રસ્તાને લાત મારી. એટલામાં જ એક કારચાલકે તેને ટક્કર મારી અને આ ધીરેનભાઈએ તો કારચાલક જોડે ગાળા-ગાળી ને મારા-મારી ચાલુ કરી અને બન્ને ઘવાયા. બન્નેને દવાખાને લઈ જવામાં આવ્યા. ડૉક્ટરે તપાસ કરી પાટો બાંધી આપ્યો. ધીરેનભાઈને પાટો બાંધ્યા પછી ડૉક્ટરે પૈસા માગ્યા પણ બદલામાં ધીરેનભાઈ એ તો ક્રોધમાં ડૉક્ટરને સડસડાટ કરતો લાફો ઝીંકી દીધો અનેડૉક્ટરના ગાલ પર આંગળીનાં નિશાન પાડી એક મેમરી આપી દીધી. ડૉક્ટરે પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો. પોલીસને બોલાવી. પોલીસે તેને વાનમાં બેસાડવાની કોશિશ કરી પણ તેણે પોલીસ સાથે પણ ઝપાઝપી કરી. પોલીસે બે દંડા ફટકાર્યા અને આમ આ ક્રોધનો કોઈ અંત જ ના આવ્યો. જાણે આ ધીરેનભાઈ ધીમે ધીમે ધીરમાંથી અધીર થઈ ગયા.

એટલે જ કહેવામાં આવ્યું છે કે, ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે. સ્મૃતિ નાશે બુદ્ધિ નાશ, પરિણામ વિનાશ.

ક્રોધ એ કળિયુગનું રહેઠાણ છે. કળિયુગ, સૌથી પહેલું કામ માણસની બુદ્ધિને ભ્રષ્ટ કરી વિવેકનો નાશ કરે છે. કડવી વાણી ક્રોધનું મનભાવતું ભોજન છે. અવિનય અને અસહનશીલતા તેના પ્રિય પીણાં છે. બીજાનાં આંસુ ક્રોધના મનોરંજનનું હાથવગુ સાધન છે. એટલે જ ચાણક્યે ક્રોધને બીજા યમરાજનું સ્વરૂપ ગણાવ્યો છે. ક્રોધને માણસના મનના સિંહાસન પર વિરાજિત થવું ગમે છે. ક્રોધ એ બુદ્ધિ અને વિવેકને તડીપાર કરે એ પહેલાં એ બન્ને જ દિમાગમાંથી ઉચાળા ભરી વિદાય થાય છે. ક્રોધને પ્રકાશ સાથે બારમો ચંદ્રમા છે. એ માણસના મનમાંથી સંયમની બત્તી બુઝાવીને પોતાની કપટલીલા શરૂ કરે છે અને અંતે વિનાશ તરફ ધકેલી દે છે.

જેમ આપણે કોઈના ઘરમાં ભાડૂત તરીકે રહેતા હોઈએ તો તે ઘર આપણું ટેમ્પરરી રહેણાંક કહેવાય પણ આપણે તે ઘરના મકાનમાલિક તો નહિ જ ને પણ ક્રોધ પહેલા તો મનનો 'ટેમ્પરરી' ભાડૂત બને છે અને પછી ધીમે ધીમે મકાનમાલિક બનવાનું શરૂ કરી દે છે અને વેર જન્માવે છે. ઉત્તમ મનુષ્યનો ક્રોધ ક્ષણભરનો હોય છે. મધ્યમ પ્રકારના માણસનો ક્રોધ બે ઘડીનો હોય છે. નીચ માણસનો ક્રોધ એક દિવસ અને રાતભરનો હોય છે, જ્યારે અતિ દુષ્ટ માણસનો ક્રોધ સમગ્ર જીવન સુધી ટકી રહે છે એટલે રામનરેશ ત્રિપાઠીએ ઉચિત જ કહ્યું છે કે ક્રોધ તુમ્હારા પ્રબલ શત્રુ હૈ, બસા તુમ્હારે ઘર મેં, હો સકતે હો ઉસે જીતકર, વિજયી તુમ જગભર મેં.

તરુણાવસ્થામાં યુવક-યુવતીઓ જે કંઈ કરતા હોય તેમાં દખલગીરી કરવામાં આવે, તેમને રોકટોક કરવામાં આવે કે તેમની ઈચ્છાઓમાં અવરોધો નાખવામાં આવે તો તેઓ ક્રોધથી લાલચોળ થઈ જાય છે. મોટી ઉંમરની વ્યક્તિઓને પોતાની સામાજિક પ્રતિષ્ઠાની વધારે પડી હોય છે અને તેથી તેને આંચ આવે તો તેઓ ગુસ્સે થઈ જાય છે. નાનાં બાળકો ચીસો પાડીને, લાતો મારીને, હાથપગ પછાડીને, તોડફોડ કે ધમાલ અને ધમપછાડા કરીને, પોતાનો ક્રોધ વ્યક્ત કરે છે અને આ ક્રોધને લીધે આકરાં પરિણામો ભોગવવાં પડે છે.

ઘણી વાર ક્રોધનું સ્થાનાંતર થાય છે. કહેવત છે ને 'પાડાના વાંકે પખાલીને ડામ'. તેવી રીતે ઑફિસના બૉસ સામેનો ગુસ્સો પત્ની પર ઠલવાય, પત્ની આ ગુસ્સો છોકરાં પર ઠાલવે, છોકરાં તેમનો ગુસ્સો રમકડાં પર ઉતારે એવું બને છે.

સામાજિક દબાણોના કારણે મોટા ભાગની પુખ્ત વયની વ્યક્તિઓને ક્રોધ કે ગુસ્સાના આવેગનું દમન કરવાની ફરજ પડે છે. આ દમનની કિંમત માણસે આડકતરી રીતે ચૂકવવી પડે છે. જેમ કે, લોહીનું ઊંચું દબાણ, હાર્ટ અટેક, માનસિક તાણ વગેરે. પછી દવામાં પૈસાનું પાણી.

રામાયણમાં વાલ્મીકિએ ક્રોધ વિજેતા વ્યક્તિની પ્રશંસા કરતાં કહ્યું છે તે માણસો ધન્યવાદને પાત્ર છે, જેઓ પોતાનામાં ઉત્પન્ન થયેલ ક્રોધને બુદ્ધિ દ્વારા એવી રીતે રોકી દે છે, જેવી રીતે સળગતા અગ્નિને પાણી દ્વારા બુઝાવી દેવામાં આવે છે. ક્રોધનું જન્મસ્થાન અજ્ઞાન છે અને અહંકાર તેને દુગ્ધપાન કરાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે ક્રોધ પર વિજય મેળવવા માટેનો ખૂબ જ સુંદર માર્ગ આપ્યો છે. જેને વાંગ્મય તપ કહે છે અર્થાત વાણીનું તપ. જે ક્રોધ પર વિજય મેળવવા માટે ખૂબ જ સહાયક છે.

> **ક્રોધ એ બુદ્ધિ અને વિવેકને તડીપાર કરે એ પહેલાં એ બન્ને જ દિમાગમાંથી ઉચાળા ભરી વિદાય થાય છે. ક્રોધને પ્રકાશ સાથે બારમો ચંદ્રમા છે. એ માણસના મનમાંથી સંયમની બત્તી બુઝાવીને પોતાની કપટલીલા શરૂ કરે છે અને અંતે વિનાશ તરફ ધકેલી દે છે**